# પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર

# જાહેરનામુ

# ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧

ક્રમાંક:ક.૨/હદવિસ્તાર/સા.મતી રિ.ફ્(ઇ.વે)/૧૧૨૬/૨૨.

તારીખ: ૨૬/૧૧/૨૦૨૨

વંચાણે લીધા:-

(૧) અત્રેની એ.૨ શાખાના તા.૨૬/૫/૧૫ ના સાબરમતી રિવરફ્રન્ટ (ઇસ્ટ) તથા વેસ્ટ પો.સ્ટે.ના જાહેરનામા ક્રમાંક:ક.૨/હદવિસ્તાર/૭૦૮/૧૫

(૨) અત્રેની એ.૨ શાખાના તા.૧૦/૦૨/૧૭ ના સાબરમતી રિવરફ્રન્ટ (ઇસ્ટ) તથા વેસ્ટ પો.સ્ટે.ના જાહેરનામા ક્રમાંક:ક.૨/હદવિસ્તાર/સા.મતી રી.ફ્(ઇ.વે)/૧૯૨/૨૦૧૭

આમુખ-(૧) તથા (૨) માં દર્શાવેલ જાહેરનામાથી સાબરમતી રિવરફ્રન્ટ (ઇસ્ટ) તથા સાબરમતી રિવરફ્રન્ટ (વેસ્ટ) પોલીસ સ્ટેશનના હદ વિસ્તાર નક્કી કરતાં જાહેરનામા બહાર પાડવામાં આવેલ છે. જે હદ વિસ્તારમાં આંશિક ફેરફાર સાથેનું સુધારેલ જાહેરનામું સને ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૨ થી મળેલ સત્તાની રૂએ હું સંજય શ્રીવાસ્તવ, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર તા:૨૬/૧૧/૨૦૨૨ ના કલાક: ૦૦.૦૦ થી અસ્તિત્વમાં આવે તે રીતે હુકમ કરુ છું.

સાબરમતી રિવર ફ્રન્ટ (ઇસ્ટ) પોલીસ સ્ટેશનનો હદ વિસ્તાર :-

સાબરમતી રિવરફ્રન્ટ (ઇસ્ટ) પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમાં સાબરમતી નદીના પૂર્વ કાંઠે ઇન્દીરાબ્રીજ થી શરૂ કરી, વાસણા બેરેજ સુધી કે જ્યાં રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ ઓથોરીટીની એક્વાયર કરેલ સહિતની તમામ જગ્યા તથા ફૂટપાથ/રોડ/પાર્ક/મેદાન/ એક્ઝીબીશન એરીયા તથા પાર્કિંગ નક્કી કરેલ છે તે સાબરમતી રિવરફ્રન્ટ (ઇસ્ટ) પોલીસ સ્ટેશનની હદમાં રહેશે.

જ્યારે નદીના પટમાં પાણીનો વિસ્તાર ગાંધી બ્રીજથી ઉત્તર તરફ ઇન્દીરાબ્રીજ પછી સાબરમતી નદીના કિનારે રાસ્કા પ્રોજેક્ટની પાણીની પાઇપ લાઇન સુધીનો નંદીગ્રામ સોસાયટીથી ઇન્દીરા બ્રીજના છ નંબરના પિલ્લર સુધી પૂર્વનો નદીના પાણીના પટનો ભાગ સાબરમતી રિવરફ્રન્ટ (ઇસ્ટ) પોલીસ સ્ટેશનની હદમાં રહેશે. જ્યારે છ નંબરના પિલ્લરથી સામેનો પશ્ચિમ ભાગ જે તે અડાલજ પોલીસ સ્ટેશનની ગાંધીનગર જીલ્લાની હદનો હોઇ, અડાલજ પોલીસ સ્ટેશનની હદમાં રહેશે. અને ઇન્દીરાબ્રીજ થી ગાંધીબ્રીજ સુધીનો નદીના પાણીનો ભાગ પણ ઇસ્ટ પોલીસ સ્ટેશનની હદમાં રહેશે.

ઇન્દીરાબ્રીજ થી વાસણા બેરેજ સુધી આવતા બ્રીજના ઉપરના રોડનો ભાગ જે તે પોલીસ સ્ટેશન વિસ્તારની હદમાં રહેશે.

Scanned by CamScanner

સાબરમતી રિવરફ્રન્ટ (વેસ્ટ) પોલીસ સ્ટેશનનો હદ વિસ્તાર :-

સાબરમતી રિવરફ્રન્ટ (વેસ્ટ) પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમાં સાબરમતી નદીના પશ્ચિમ કાંઠે ઇન્દીરાબ્રીજ મધર ડેરી થી શરૂ કરી, વાસણા બેરેજ સુધી કે જ્યાં રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ ઓથોરીટીની એક્વાયર કરેલ સહિતની તમામ જગ્યા તથા ફૂટપાથ/ રોડ/પાર્ક/ મેદાન/ એક્ઝીબીશન એરીયા તથા પાર્કિંગ નક્કી કરેલ છે તે રિવરફ્રન્ટ (વેસ્ટ) પોલીસ સ્ટેશનની હદમાં રહેશે.

જ્યારે નદીના પટમાં પાણીનો વિસ્તાર ગાંધીબ્રીજ નીચેના ભાગ સહિત દક્ષિણ તરફ શાસ્ત્રીબ્રીજ સુધીનો સાબરમતી નદીના પાણીનો ભાગ સાબરમતી રિવરફ્રન્ટ (વેસ્ટ) પોલીસ સ્ટેશનની હદમાં રહેશે.

ઇન્દીરા બ્રીજ થી વાસણા બેરેજ સુધી આવતા બ્રીજના ઉપરના રોડનો ભાગ જે તે પોલીસ સ્ટેશન વિસ્તારની હદમાં રહેશે તેમ અત્રેથી જાહેરનામુ બહાર પાડવામાં આવેલ છે.

હાલમાં સાબરમતી ડેવલોપમેન્ટ ઓથોરીટી દ્વારા સાબરમતી નદીના વોક-વે તેમજ નજીકના વિસ્તાનો સમાવેશ થાય છે. જેમાં પૂર્વનો રોડ તેમજ પાણી સિવાય વોક-વે તેમજ સંપાદન કરેલ જગ્યા ગાંધીબ્રીજથી ઉતરે ઇન્દીરાબ્રીજ અમદાવાદ શહેર સાબરમતી નદીના હદ વિસ્તાર નકકી કરવામાં આવેલ છે. હાલમાં સરદાર બ્રીજ તેમજ એલીસબ્રીજ વચ્ચે એલીસબ્રીજ નજીક રીવરફ્રન્ટ પૂર્વ તેમજ પશ્ચિમં ભાગને જોડતો અટલ ફુટ બ્રીજ બનાવવામાં આવેલ છે.જે નવનિર્મિત અટલ ફુટની લંબાઇ ૩૦૦ મીટરની છે. જેથી બ્રીજના મધ્ય ભાગેથી ૧૫૦ મીટરનો પૂર્વ તરફનો ભાગ રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસ સ્ટેશન તેમજ ફુટબ્રીજના મધ્ય ભાગેથી પશ્ચિમ તરફનો ભાગ રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સમાવેશ કરવામાં આવે છે.

તારીખ: ૨૬ /૧૧/૨૦૨૨
સ્થળ : અમદાવાદ.

( સંજય શ્રીવાસ્તવ )
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

પ્રતિ,

- તમામ પોલીસ સ્ટેશન / શાખાઓના પો.ઇ.શ્રીઓ (વધારાની ૧૦ નકલો સાથે)

૨/- જાહેરનામાની નકલો જાહેર જગ્યાએ ચોંટાડી તેની નોંધ એક નકલ પર કરવી અને તે નકલ ઓફીસ રેકર્ડમા રાખવી.

- તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ.
- મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક શાખા (વધારાની ૧૦ નકલો સાથે)

૨/- લાઉડ સ્પીકર સાથે બહોળો પ્રચાર કરવા સારૂ.

- જન સંપર્ક અધિકારીશ્રી.

Scanned by CamScanner